ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

શુક્રવાર 30 ઓક્ટોબર, ૨૦૨૫ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

લીમખેડા ઝાલોદ રોડ પર ટ્રાફિક જામની સમસ્યા જૈસે થે..

વહીવટી તંત્રે દબાણો તો હટાવ્યા પણ ટ્રાફિકના જમાવડાથી લોકો પરેશાન

ભારે વાહનોની અવરજવર માટે એક્સપ્રેસ વે છતાં નગરમાં એન્ટ્રી કેવી રીતે કરી શકે ?

(પ્રતિનિધી) લીમખેડા, તા.29

વહીવટી તંત્રની નિષ્કાળજી થી ફરી દબાણો થવાથી ટ્રાફીકની ગંભીર સમસ્યા ઉત્પન્ન થઈ છે જેથી તહેવારોના સમયે વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોને ભારે હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે ટ્રાફિકની સમસ્યાના કાયમી ઉકેલ લાવે તેવી આમ પ્રજા એ માંગ કરી છ લીમખેડા તાલુકાના ઝાલોદ રોડ પર વારંવાર સર્જાતી ટ્રાફિક જામની સમસ્યા

ભારે વાહનોની અવરજવરનું યોગ્ય આયોજન કરવું ટ્રાફિક જામનાં મુખ્ય કારણોનું મૂલ્યાંકન કરીને લાંબા ગાળાનો ઉકેલ અમલમાં મૂકવો. લીમખેડાના નાગરિકોના હિતમાં ટ્રાફિકની સમસ્યાને ગંભીરતાથી લઈ વ્યવહારુ અને કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી જનઅપેક્ષા છે. માત્ર સમયાંતરે દબાણો દૂર કરવાની કામગીરી પૂરતી ન રહે, પરંતુ ફરીથી દબાણો ન થાય અને રસ્તા પર વાહનવ્યવહાર સુવ્યવસ્થિત રહે તેવી વ્યવસ્થા ઊભી થાય તે જરૂરી છે.

મહત્ત્વની બાબત એ છે કે થોડા સમય પહેલાં જ લીમખેડા વિસ્તારમાં ભારે જરૂરિયાત ઊભી થાય છે. લીમખેડા વાહનોની અવરજવર, બજારમાં વધતી ભીડ અને રસ્તા પરનાં દબાણો ટ્રાફિકની સમસ્યાને વધુ જટિલ બનાવી શકે છે. આ ઉપરાંત, દિલ્હી-મુંબઈ આઠ-લેન એક્સપ્રેસવેના નિર્માણકાર્ય સાથે સંકળાયેલી વાહન અવરજવરની સ્થાનિક ટ્રાફિક પર કોઈ અસર થઈ રહી છે કે કેમ, તે અંગે પણ તપાસ અને યોગ્ય મૂલ્યાંકન કરવાની જરૂર છે. ટ્રાફિક જામના કારણે સ્થાનિક વેપારીઓના વ્યવસાય, રોજિંદી અવરજવર અને સામાન્ય નાગરિકોના સમય પર અસર પડી શકે છે. ખાસ કરીને કટોકટીની સ્થિતિમાં દર્દીઓને લઈ જતાં વાહનોને અવરજવરમાં મુશ્કેલી ન પડે તે માટે પણ યોગ્ય ટ્રાફિક વ્યવસ્થા મહત્ત્વપૂર્ણ છે.

લીમખેડા-લીમડી-ચાકલીયા માર્ગ પર વાંકોલ પાસે આવેલી માછણ નદીના પુલનું કામ શરૂ

(પ્રતિનિધી) દાહોદ, તા.29

માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), દાહોદ દ્વારા લીમખેડા-લીમડી-ચાકલીયા રોડ (કિ.મી. ૧૨૪/૫૦૦ થી ૧૨૪/૭૦૦) પર વાંકોલ ગામ નજીક આવેલ માછણ નદીના પુલના બેરીંગ બદલવાની તથા સબ-સ્ટ્રક્ચરની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. પુલની આસપાસ ઊંડા કોતર હોવાના કારણે સ્થળ પર ડાયવર્ઝન આપવું તાંત્રિક રીતે શક્ય ન હોવાથી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે. એમ. રાવલ દ્વારા જાહેર જનતાની સલામતી અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

લીમખેડા-લીમડી-ચાકલીયા રોડ પરના માછણ નદીના પુલ પર કામગીરી સાથે સંકળાયેલા વાહનો સિવાયના અન્ય તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી રહેશે. જેની તમામ જનતાએ નોંધ લેવા પણ જણાવાયુ છે.

દલિત યુવકના પ્રતીક ઉપવાસને અનુસૂચિત જાતિના અગ્રણીઓનું સમર્થન

કાલોલની સેટકો કંપની સામે જમીન પચાવી પાડવાનો વિવાદ ઘેરાયો

(પ્રતિનિધી) કાલોલ, તા.29

કાલોલ-હાલોલ હાઈવે પર આવેલી સુપ્રસિદ્ધ સેટકો (Setco) કંપની સામે જમીન પાછી મેળવવા માટે પ્રતીક ઉપવાસ પર બેઠેલા વિજય વણકરના સમર્થનમાં આજે કાલોલ તાલુકાના અનુસૂચિત જાતિના અગ્રણીઓ અને દલિત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉતરી આવ્યા હતા. ઘટનાસ્થળે પહોંચેલા અગ્રણીઓએ કંપની વહીવટીતંત્ર અને તેની નીતિઓ સામે ભારે વિરોધ નોંધાવ્યો હતો.વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થાનિકો અને અગ્રણીઓ દ્વારા "દલિતોને ન્યાય આપો" અને "સેટકો, તેરી તાનાશાહી નહીં ચલેગી" જેવા વિરોધ દર્શાવતા ઉગ્ર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ વિરોધ પ્રદર્શનથી

હાઈવે પર ક્ષણભર માટે વાતાવરણ ગરમાયું હતું.બીજી તરફ, અરજદાર વિજય વણકરે ગંભીર આક્ષેપ કર્યો છે કે સેટકો કંપની દ્વારા તેમને પ્રતીક ઉપવાસ કરતા રોકવા માટે સરિયામ રોડ પર જ સ્ટાફ બસો પાર્ક કરી દેવામાં આવી હતી, જેથી વિરોધ પ્રદર્શનને દબાવી શકાય.

ઘટનાની જાણ થતાં જ કાલોલ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. શાંતિપૂર્ણ રીતે ઉપવાસ પર બેઠેલા વિજય વણકરને પોલીસ સ્ટેશને આવીને પોતાનું વિધિવત નિવેદન નોંધાવવા માટે જણાવ્યું હતું. પોલીસે સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખીને શાંતિ જાળવવા અપીલ કરી છે.એક તરફ મહાકાય અને વગદાર કંપની છે, તો બીજી તરફ પોતાની હકની જમીન માટે લડતો સામાન્ય દલિત સમાજનો માણસ છે. આ સ્થિતિમાં શું પીડિતને યોગ્ય ન્યાય મળશે કે કેમ? તે અંગે સમગ્ર વિસ્તારમાં અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

બાઇકચાલકને ભારે ઇજા પહોંચતા સારવાર હેઠળ ખસેડાયો

હાલોલ-કાલોલ હાઈવે પર ખાનગી કંપનીની પાર્ક કરેલી બસ પાછળ બાઈક ઘૂસી

ખાનગી કંપનીઓની દાદાગીરી અને બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો

(પ્રતિનિધી) કાલોલ, તા.29

પંચમહાલ જિલ્લામાંથી પસાર થતા હાલોલ-કાલોલ હાઈવે પર ગેરકાયદેસર અને આડેધડ પાર્કિંગના કારણે એક મોટો અકસ્માત સર્જાયો છે. સેટકો ઓટોમોટિવ કંપની સામે વિરોધ પ્રદર્શન અને પ્રતીક ઉપવાસ રોકવાના હેતુથી સરિયામ રોડ પર પાર્ક કરવામાં આવેલી બસની પાછળ એક મોટરસાયકલ ચાલક અથડાતાં ગંભીર રીતે અકસ્માતગ્રસ્ત બન્યો છે.

અહેવાલ પ્રિન્ટ થયાના બીજા જ દિવસે અકસ્માત સર્જાયો અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે જ હાઈવેને અડીને જોખમી રીતે ઊભેલી સેટકો કંપનીની બસો અને તેનાથી વાહનચાલકોની સુરક્ષા સામે ઊભા થતા જોખમ અંગેનો વિશેષ અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ અહેવાલના બીજા જ દિવસે આશંકા સાચી પડી હતી અને હાઈવે પર ઊભેલી કંપનીની બસ પાછળ બાઈક ચાલક ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. વિરોધ દબાવવા ગેરકાયદે પાર્કિંગ કરવાનો આક્ષેપ સ્થાનિકોના જણાવ્યા મુજબ, કંપની સામે પોતાની જમીન માટે પ્રતીક ઉપવાસ પર બેસેલા અરજદાર અને વિરોધ કરનારાઓને રોકવા માટે સેટકો કંપની દ્વારા સરિયામ રોડ પર જ સ્ટાફ બસો આડેધડ ઊભી કરી દેવામાં આવી હતી. સુરક્ષાના નિયમોને નેવે મૂકીને રોડ પર જ બસોનું ગેરકાયદેસર પાર્કિંગ કરી દેવાતાં આખરે નિર્દોષ વાહનચાલક તેનો ભોગ બન્યો છે.

હાઈવે પર સતત ધમધમતા વાહન વ્યવહાર વચ્ચે મહાકાય કંપનીની આ પ્રકારની દાદાગીરી અને બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કાલોલ તાલુકાના સડકા ગામનો બનાવ

ખેતરમાં 9 ફૂટનો મહાકાય અજગર દેખાતા લોકોમાં ભય

(પ્રતિનિધી) કાલોલ, તા.29

કાલોલ તાલુકાના ભૂખી નજીક સડકા ગામ માં દિલીપસિંહ રતનસિંહ જાદવના ખેતરમાં 9 ફૂટ લાંબો અજગર દેખો દેતા ગામ ના જાગ્રત નાગરિક દ્વારા જીવદયા પ્રેમ તુષારભાઈ પટેલ ને જાણ કરતા જીવદયા પ્રેમી તુષાર ભાઈ પટેલ ગણતરી ની મિનિટ માં ત્યાં પહોંચી ગામ લોકોની મદદ ભારે જહેમત બાદ અજગર ને પકડીને ફોરેસ્ટ વિભાગ માં સોંપવામાં આવ્યો ત્યારબાદ વેજલપુર ફોરેસ્ટ વિભાગ તથા તુષારભાઈ પટેલ 9 ફૂટ લાંબા અજગર ને સુરક્ષિત ખુલ્લા જંગલ માં મુક્ત કર્યો હતો ત્યારબાદ ગામ લોકો તથા ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ એ તુષાર ભાઈ પટેલની આ કામગીરીને બિરદાવી હતી.

જ્વેલર્સ અને આંગડિયા પેઢીના માલિકોને જરૂરી સૂચનો કરાયા

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને હાલોલ ટાઉન પોલીસે બેઠક યોજી

(પ્રતિનિધી) હાલોલ, તા.29

આગામી દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને હાલોલ ટાઉન પોલીસ દ્વારા રૂલર પોલીસ સ્ટેશન ખાતે જ્વેલર્સ અને આંગડિયા પેઢીના માલિકો સાથે સુરક્ષાને લગતી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક નાયબ પોલીસ અધિક્ષક વી.જે. રાઠોડ અને હાલોલ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર ડી.પી. સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

બેઠક દરમિયાન જ્વેલર્સ અને આંગડિયા પેઢીના માલિકોને દિવાળીના તહેવાર દરમિયાન ચોરી સહિતના અનિચ્છનીય બનાવો અટકાવવા માટે જરૂરી સાવચેતી રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને દુકાનોની બહાર

સીસીટીવી કેમેરા કાર્યરત રાખવા તેમજ દુકાન કે તેની આસપાસ કોઈ અજાણી શંકાસ્પદ વ્યક્તિ રેકી કરતી જણાય તો તાત્કાલિક હાલોલ ટાઉન પોલીસ અથવા ઈમરજન્સી હેલ્પલાઈન નંબર 112 પર જાણ કરવા સૂચના આપવામાં આવી હતી. પોલીસ દ્વારા તહેવાર દરમિયાન વેપારીઓએ સતર્ક રહી પોતાની દુકાનો, કિંમતી માલસામાન અને નાણાંની સુરક્ષા માટે જરૂરી તકેદારી રાખવા અપીલ કરવામાં આવી હતી. આ બેઠકમાં હાલોલ જ્વેલર્સ એસોસિએશનના પ્રમુખ, આંગડિયા પેઢીના માલિકો તેમજ શાંતિ સમિતિના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.દિવાળીના તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા વેપારીઓ સુરક્ષિત રીતે પોતાનો વ્યવસાય કરી શકે તે હેતુથી પોલીસ દ્વારા આ માર્ગદર્શન બેઠક યોજવામાં આવી હતી.

રિક્ષામાં સવારી બેસાડવા બાબતે થયેલા ઝઘડામાં કાલોલ કોર્ટનો ચુકાદો

તીક્ષ્ણ હથિયારથી હુમલો કરનાર ત્રણેય આરોપીઓ દોષિત જાહેર

(પ્રતિનિધી) ગોધરા, તા.29

પંચમહાલ જિલ્લાના કાલોલમાં એમ.જી.એસ. હાઇ સ્કૂલ પાસે વર્ષ ૨૦૧૭માં રિક્ષામાં પેસેન્જરો બેસાડવા બાબતે ચાલી આવતી જૂની અદાવતમાં રિક્ષાચાલક ધર્મેન્દ્રસિંહ પરમાર પર કુહાડી, લોખંડની પાઇપ અને લાકડી વડે ઘાતક હુમલો કરવામાં આવ્યો હતો. આ કેસમાં કાલોલના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ પી. એસ. રાઉંડલની કોર્ટે આરોપી સંજય વાઘરી, અજય વાઘરી અને અમરસિંહ વાઘરીને IPC કલમ ૩૨૩, ૩૨૪, ૧૧૪ અને ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ હેઠળ દોષિત ઠેરવ્યા છે. તબીબી પ્રમાણપત્ર અને ભોગ બનનારના નિવેદનના આધારે ગુનો સાબિત થયો હતો, પરંતુ આરોપીઓ ગરીબ પૃષ્ઠભૂમિ ધરાવતા હોવાથી, રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા હોવાથી અને અગાઉ કોઈ ગુનાહિત ઇતિહાસ ન હોવાથી કોર્ટે તેમને સીધા જેલમાં મોકલવાને બદલે 'પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ' ની કલમ ૪ હેઠળ ૧ વર્ષ માટે સારા વર્તનની શરતે પ્રોબેશન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. આ સમયગાળા દરમિયાન ત્રણેય આરોપીઓએ ગોધરાના જિલ્લા પ્રોબેશન અધિકારીની દેખરેખ હેઠળ શાંતિપૂર્ણ જીવન જીવવાનું રહેશે અને રૂ. ૧૦,૦૦૦નો વ્યક્તિગત બોન્ડ તથા જામીનગીરી રજૂ કરવાની રહેશે. આ ઉપરાંત, કોર્ટે પ્રોબેશન એક્ટની કલમ ૫(એ) હેઠળ ત્રણેય આરોપીઓને સામૂહિક રીતે કુલ રૂ. ૨૪,૦૦૦નું વળતર ઈજાગ્રસ્ત ફરિયાદી ધર્મેન્દ્રસિંહ પરમારને ચૂકવવાનો પણ કડક આદેશ કર્યો છે.

પંચમહાલ જિલ્લામાં બાગાયતી ખેડૂતો જોગ

ખેડુતોએ ૧૫ નવેમ્બર સુધી ઓનલાઈન ક્લેમ સબમિટ કરવા અનુરોધ કરાયો

(પ્રતિનિધી) ગોધરા, તા.29

પંચમહાલ જિલ્લાના બાગાયતી ખેડૂતોના હિતાર્થે બાગાયત વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓ અંતર્ગત આઇ-ખેડૂત પોર્ટલ પર અગાઉ કરેલ અરજીઓના ઓનલાઈન ક્લેમ તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ પહેલાં સબમિટ કરવા ખેડૂતોને ખાસ અપીલ કરવામાં આવે છે. બાગાયત વિભાગની આ વિવિધ યોજનાઓ હેઠળ હાઇબ્રિડ બિયારણ, ફૂલ પાકો, આદુ અને હળદરના પાકોને પ્રોત્સાહન, કૃષિ યાંત્રિકીકરણ, કાચા મંડપ, અર્ધપકા મંડપ, પાકા મંડપ, કેળ ટિશ્યુ, પ્રાકૃતિક કૃષિ પ્રોત્સાહન તથા મલ્ચિંગ જેવા ઘટકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય યોજનાઓમાં મંજૂરી મેળવેલ હોય તેવા ખેડૂતોએ પણ જરૂરી દસ્તાવેજો સાથે આઇ-ખેડૂત પોર્ટલ પર પોતાનો ઓનલાઈન ક્લેમ નિર્ધારિત સમયમર્યાદામાં સબમિટ કરવાનો રહેશે. તમામ પાત્ર ખેડૂતોએ સમયસર કાર્યવાહી પૂર્ણ કરવા તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ પહેલાં પોતાના ઓનલાઈન ક્લેમ સબમિટ કરી દેવા જણાવવામાં આવ્યું છે.

હાલોલ ફેમિલી કોર્ટનો મહત્વનો ચુકાદો

કાલોલના વૃદ્ધ પિતાને ભરણપોષણ ન ચૂકવતા ત્રણ પુત્રોને ૪૮૦-૪૮૦ દિવસની સાદી કેદની સજા

(પ્રતિનિધી) કાલોલ, તા.29

હાલોલ સ્થિત ફેમિલી કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા વૃદ્ધ પિતાને ભરણપોષણની રકમ ન ચૂકવનારા ત્રણ પુત્રોને ૪૮૦-૪૮૦ દિવસ (કુલ ૧૬ મહિના) ની સાદી કેદની સજા ફટકારી છે. કાલોલ તાલુકાના સડક ફળિયા ખાતે રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ પિતા સલામ ઈસ્માઈલ નાથાએ પોતાના ત્રણ પુત્રો-ઈદ્રીશ સલામ નાથા (ડ્રાઇવર), આલતાફ સલામ નાથા (વેપારી) અને હારુન સલામ નાથા (વેપારી) સામે ભરણપોષણ મેળવવા માટે અરજી દાખલ કરી હતી. ફેમિલી કોર્ટે ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ આદેશ આપીને ત્રણેય પુત્રોને પિતાને દર મહિને ૧,૦૦૦-૧,૦૦૦ રૂપિયા (કુલ રૂ. ૩,૦૦૦ દર મહિને) ભરણપોષણ પેટે આપવાનો હુકમ કર્યો હતો. કોર્ટના આદેશ છતાં ત્રણેય પુત્રોએ ૦૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધીના ૧૬ મહિનાનું કુલ રૂ. ૪૮,૦૦૦ (પ્રત્યેકના ભાગે રૂ. ૧૬,૦૦૦) નું ભરણપોષણ ચૂકવ્યું નહોતું. આથી પિતા સલામ નાથાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૪૪(૩) હેઠળ બાકી રકમની વસૂલાત માટે કોર્ટમાં અરજી (Cr.M.A. No. 206/2026) ફાઈલ કરી હતી. હાલોલ ફેમિલી કોર્ટના જજ જે.પી. ત્રિવેદીએ આ બાબતને ગંભીરતાથી લેતા અને પુત્રોની બેદરકારીને ધ્યાને રાખીને ત્રણેય સામાવાળાઓને દર એક મહિનાના બાકી ભરણપોષણ સામે ૩૦ દિવસની સજા મુજબ કુલ ૧૬ મહિના માટે ૪૮૦-૪૮૦ દિવસ (પ્રત્યેકને) ની સાદી કેદની સજા સંભળાવી છે.

પંચમહાલ ભૂસ્તર વિભાગ કુંભકર્ણ નિંદ્રામા :

કાલોલ મામલતદાર ટીમને ચકમો આપી રેતી માફિયા રોડ વચ્ચે રેતી ઠાલવી ફરાર

(પ્રતિનિધી) કાલોલ, તા.29

વેજલપુર-ચલાલી માર્ગ પર બનેલી ઘટનામાં, કાલોલ મામલતદાર કચેરીની ટીમ સ્થળ પર પહોંચીને ગેરકાયદેસર રેતી ભરેલા ડમ્પરને ઝડપી પાડે તે પહેલાં જ શાતિર ડમ્પરચાલકે કાયદાના લીરેલીરા ઉડાવતી હરકત કરી હતી. અધિકારીઓ હાથવેંતમાં હોવાની ગંધ આવી જતાં ચાલકે પોતાનું વાહન બચાવવા માટે મુખ્ય રસ્તાની વચ્ચોવચ આખેઆખી રેતી ખાલી કરી દીધી હતી અને અન્ય અંદરના રસ્તેથી વાહન ભગાવી ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો ગેરકાયદેસર અને પાસ-પરમિટ વગર ઓવરલોડ રેતી ભરીને નીકળેલા ડમ્પર અંગે કાલોલ મામલતદાર કચેરીની ટીમ



ફિલ્ડમાં પોલીસ કે મામલતદાર કેમ, ભૂસ્તર વિભાગ કેમ ગાયબ? ગેરકાયદે ખનન અને પરિવહન અટકાવવાની પ્રાથમિક જવાબદારી ખાણ-ખનિજ વિભાગની છે. પરંતુ પંચમહાલમાં મામલતદાર કે પોલીસ તંત્રને દોડવું પડે છે અને ખાણ-ખનિજ વિભાગ માત્ર ગોધરાની કચેરીઓમાં એરકન્ડિશન્ડ ચેમ્બરોમાં બેસી તમાશો જોતું રહે છે કાલોલ અને આસપાસના નદી-પટ વિસ્તારોમાંથી દરરોજ સેંકડો ટન ગેરકાયદે રેતી ચોરાય છે, છતાં ખાણ-ખનિજ વિભાગના પેટ્રોલિંગ વાહનો ક્યારેય આવા રૂટ પર કેમ દેખાતા નથી? તેવી સ્થાનિકોમાં ચર્ચા ચાલે છે.

સ્થળ પર પહોંચીને તેને ઝડપી પાડવાની તૈયારીમાં હતી. જોકે, ટીમ આવે તે પહેલાં જ પકડાઈ જવાના ડરે ડમ્પરચાલકે કાયદાના લીરેલીરા ઉડાવી મુખ્ય ડામર રોડની બરાબર વચ્ચોવચ આખેઆખી રેતી ખાલી કરી દીધી હતી. આ સમગ્ર ઘટનાએ પંચમહાલ જિલ્લા ખાણ-ખનિજ વિભાગની કામગીરીના ધજાગરા ઉડાવી દીધા છે. સરકાર જે તંત્રને કરોડો રૂપિયાના પગાર અને સાધન-સુવિધાઓ આપે છે તે ખાણ-ખનિજ વિભાગ કઈ ગુફામાં ભરાઈને બેઠું છે? જિલ્લામાં ગેરકાયદે ખનન અને પરમિટ વગર ઓવરલોડ રેતીનું પરિવહન કોઈ નવી વાત નથી, પરંતુ આ સમગ્ર ગોરખધંધો ખાણ-ખનિજ વિભાગના નાક નીચે ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફિલ્ડમાં માત્ર 'દેખાડા ખાતર' ક્યારેક ગાડીઓ ફેરવવામાં આવે છે, જ્યારે અંદરખાને મોટી સાંઠગાંઠ હોવાની ચર્ચાઓ જોર પકડી રહી છે. જો વિભાગની કામગીરી પારદર્શક હોય, તો આવા રેતી માફિયાઓમાં તંત્રનો સહેજ પણ ખોફ કેમ નથી? કેમ વારંવાર ખાણ-ખનિજ વિભાગ માત્ર નાના વાહનો પકડી સંતોષ માને છે અને અસલી મોટા માફિયાઓ સામે મૂકપ્રેક્ષક બની રહે છે?

વળાંક કે અંધારામાં આ ઢગલો અચાનક સામે આવવાથી મોટો અકસ્માત સર્જાઈ શકે છે અને નિર્દોષ વાહનચાલકોનો જીવ પણ જઈ શકે છે. જાહેર માર્ગને જોખમમાં મૂકનારા આ અસામાજિક તત્વો સામે માત્ર ખનિજ ચોરી જ નહીં, પરંતુ માનવ જિંદગી જોખમમાં મૂકવા બદલ કડક ફોજદારી ગુનો નોંધાવો જોઈએ તેવી લોકમાંગ છે.

પંચમહાલ જિલ્લામાં તા. ૦૨ના રોજ યોજાશે રોજગાર મેળો

પંચમહાલ જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

પાવાગઢ આઈ.ટી.આઈ. ખાતે યોજાશે ઔદ્યોગિક ભરતી મેળો

(પ્રતિનિધી) ગોધરા, તા.29

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પંચમહાલ અને સરકારી આઈ.ટી.આઈ. પાવાગઢ, હાલોલના સંયુક્ત ઉપક્રમે અનુબંધમ પોર્ટલ અને એન.સી.એસ. પોર્ટલના માધ્યમથી ઉમેદવારો માટે જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર અને એપ્રેન્ટીસ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો તારીખ ૦૨-૧૧-૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે સરકારી આઈ.ટી.આઈ. પાવાગઢ, હાલોલ, જિ. પંચમહાલ ખાતે યોજાનાર છે. ૧૮ થી ૨૮ વર્ષ વય ધરાવતા અનુભવી તેમજ બિન-અનુભવી મહિલા અને પુરુષ ઉમેદવારો માટે ટેકનિકલ અને નોન-ટેકનિકલ જગ્યાઓ માટે ધોરણ ૦૮ પાસ, ધોરણ ૧૦ પાસ, ધોરણ ૧૨ પાસ, આઈ.ટી.આઈ., ડિપ્લોમા તથા સ્નાતક લાયકાત ધરાવતા ઉમેદવારો માટે સુવર્ણ તક છે. પંચમહાલ જિલ્લાના મેન્યુફેક્ચરિંગ સેક્ટરના અંદાજે ૧૪ જેટલા અગ્રણી નોકરીદાતાઓ દ્વારા ઇન્ટરવ્યુ પ્રક્રિયાના માધ્યમથી રોજગારી અને એપ્રેન્ટીસની તક પૂરી પાડવામાં આવશે. તેમજ આ ભરતીમેળામાં પીએમ ઇન્ટર્નશીપ સ્કીમ, પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના તેમજ માય ભારત એપ વિશે આઉટ રીચ કાર્યક્રમ પણ યોજાશે. રસ ધરાવતા અને લાયકાત ધરાવતા યુવા ઉમેદવારોને આ ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લેવા રોજગાર અધિકારી, પંચમહાલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. સ્થળ: સરકારી આઈ.ટી.આઈ. પાવાગઢ, હાલોલ તારીખ: ૦૨-૧૧-૨૦૨૬ સમય: સવારે ૦૯:૩૦ કલાક રાખવાં આવ્યુ છે.